


# આહ્વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com — Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com — (M) 8238260259



વર્ષ - ૫૪ | સપ્ટેમ્બર - ૨૦૨૫ | પત્ર - ૧૪૫


## પ્રભુ ઈસુ ઉત્તમ શિક્ષક

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

ઓગસ્ટ માસમાં ઈશ્વરપિતાએ આપણ સર્વને સંભાળ્યા, સારો વરસાદ મોકલી આપ્યો માટે આભાર માનીએ છીએ. ૫મી સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આપણાં બધાના જીવન ઘડતરમાં માતા-પિતા, મિત્રો, સગાવ્હાલા અને સમાજનો અનેરો ફાળો અને યોગદાન તો છે જ. પરંતુ આપણું ઘડતર કરવામાં શિક્ષકોનો ફાળો અને યોગદાન અનન્ય, અમૂલ્ય અને અવર્ણનીય છે. આપણા સર્વના જીવનને શિસ્તમય, શિક્ષિત અને સક્ષમ બનાવનાર સર્વ શિક્ષકોની સેવા પ્રશંસનીય છે. તેમને આદર, માન અને સન્માન આપવામાં આવે તેને તેઓ યોગ્ય છે, શિક્ષક આપણને જીવનના મૂલ્યવાન પાઠ, નૈતિક મૂલ્યો, નીતિમય જીવન શીખવે છે, તેઓ આપણા પથદર્શન, માર્ગદર્શક બને છે, પ્રેરણા પૂરી પાડે છે. આપણી ક્ષમતા અને પ્રતિભાઓને ઓળખવામાં મદદ કરે છે તથા જીવનમાં સફળ થવા અને આપણા સ્વપ્નો સાકાર કરવા માટે આપણામાં નવું બળ, ઉર્જા, ઉત્તેજન અને પ્રોત્સાહન પૂરું પાડે છે. એક આદર્શ શિક્ષક સમાજ માટે આશીર્વાદરૂપ હોય છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેમના જીવનકાળ દરમ્યાન એક અદ્ભુત અને ઉત્તમ શિક્ષક હતા. આજે પણ તેમનું શિક્ષણ આપણને દોરવણી અને માર્ગદર્શન પૂરું પાડે છે. આપણા જીવનોનો ઉદ્ધાર કરી શકે છે. પ્રભુ ઈસુ નમ્ર બન્યા કે તેઓ ઈશ્વરપુત્ર હોવા છતાં મનુષ્ય દેહમાં જન્મ લીધો, લોકોની મધ્યે રહ્યા, શિક્ષણ આપ્યું, લોકોના દુઃખ, દર્દ દૂર કર્યા. પ્રભુ ઈસુએ આ જગતમાં નબળાં અને દુર્બળ લોકોનો હાથ પકડ્યો. એ જ રીતે એક ઉત્તમ શિક્ષક પોતાના નબળા વિદ્યાર્થી પર વધુ ધ્યાન આપે છે અને જગતમાં શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરે છે.પ્રભુ ઈસુ ખ્રિસ્ત એક પ્રેમાળ શિક્ષક હતા. તેમણે પોતાનો પ્રેમ પાપીઓ પર વરસાવ્યો અને તેમનો ઉદ્ધાર કર્યો. પ્રભુ ઈસુનું શિક્ષણ આપણને ઘણું બધું શીખવે છે. માથ્થી ૬:૩૪. આવતીકાલ વિશે ચિંતા ન કરો, માથ્થી ૫-૭ અધ્યાયમાં પહાડ પરના ભાષણમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તે ધન્યતાઓ, પ્રાર્થના, જૂઠા સમ ન ખાવા, ઉપવાસ, નવા જન્મ વિષે - નિકોદેમસની સાથે વાત કરતાં નવા જન્મ વિષે અદ્ભુત શિક્ષણ આપ્યું. દ્રષ્ટાંતો દ્વારા શિક્ષણ આપ્યું જેથી લોકો સરળતાથી સમજી શકે, લોકોને ઈશ્વરના રાજ્યને માટે તૈયાર કર્યા. માથ્થી ૪:૨૩ ઈસુ તેઓના સભાસ્થાનોમાં ઉપદેશ કરતો ને રાજ્યની સુવાર્તા પ્રગટ કરતો, ને લોકોમાં હરેક પ્રકારનો રોગ તથા દુઃખ મટાડતો આખા ગાલીલમાં ફર્યો. સભાસ્થાનોમાં, ઘરમાં, હોડીમાં ઈસુએ દરેક સ્થળે લોકોને શિક્ષણ આપ્યું. રોમન ૧૨:૧૨ વળી જે શિક્ષક હોય તેણે શિક્ષણ આપવામાં મંડ્યા રહેવું. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉત્તમ શિક્ષક હતા અને તેમણે આપણને ઉત્તમ નમૂનો આપ્યો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં તેમની દોરવણી અને માર્ગદર્શન પ્રમાણે આપણા જીવનની સાર્થકતા રહેલી છે. આ શિક્ષક દિન આપણા સર્વને માટે ખૂબ આશિષ લાવનાર બની રહો... આમેન... હેપ્પી ટીચર્સ ડે...

## BIRTHDATE IN SEPTEMBER

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૯ | રશ્મિબાળા સી. સોલંકી | ૧૦/૯ | રશ્મિકાન્ત કે. મેકવાન | ૧૯/૯ | પર્સી વી. ક્રિશ્ચિયન |
| ૨/૯ | રાજસ્નેહવદન શાહ | ૧૦/૯ | રંજનબેન એ. સોલોમન | ૨૦/૯ | પ્રિસ્કા આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨/૯ | નિરવ જોસફ ક્રિશ્ચિયન | ૧૧/૯ | સેલીના આર. હિવાળે | ૨૧/૯ | અલ્પાબેન આર. પરમાર |
| ૩/૯ | આર્થર એ. પેટ્રિક | ૧૧/૯ | એમ્બ્રોઝ એ. પેટ્રિક | ૨૧/૯ | ડેઝમન્ડ જી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૪/૯ | સુરાગ કે. વાઘેલા | ૧૧/૯ | ડોરોથીબેન જે. દાસ | ૨૨/૯ | નિલેશ્વરી એન. ક્રિશ્ચિયન |
| ૪/૯ | જેનીફર ડી. બોરકર (દુબઈ) | ૧૧/૯ | સોનલ વી. દાસ | ૨૩/૯ | સુનિલ એ. ક્રિશ્ચિયન |
| ૫/૯ | સુનિલ એસ. ભાટીયા | ૧૧/૯ | હસુમતિ વી. રાઠોડ | ૨૪/૯ | એન્જલીના આર. પરમાર |
| ૬/૯ | જીનલ સી. વરસડા | ૧૫/૯ | નેવિલ એન. ક્રિશ્ચિયન | ૨૪/૯ | શશીબાળાબેન એસ. પરમાર |
| ૬/૯ | મૃગલોચના એસ. ક્રિશ્ચિયન | ૧૫/૯ | જોયસી ડી. મેકવાન (યુ.એસ.એ.) | ૨૬/૯ | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૭/૯ | રીયાન જેમ્સ ક્રિશ્ચિયન | ૧૭/૯ | આયરીન એ. ગામડીયા | ૨૯/૯ | હેરોલ્ડ સી. ક્રિસ્ટી |
| ૭/૯ | શેરોન એ. ક્રિશ્ચિયન (કેનેડા) | ૧૭/૯ | ઓલ્ડ્રીચ ઓ. ગામડીઆ | ૩૦/૯ | જીતેન્દ્ર ફિલીપ મહિડા (યુ.એસ.એ.) |
| ૯/૯ | રોનાલ્ડ આર. રાઠોડ | ૧૮/૯ | મીનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન | ૩૦/૯ | બ્રિયાના જે. મહિડા (યુ.એસ.એ.) |
| ૧૦/૯ | એવીસ એ. ઈમાનુએલ | ૧૯/૯ | સુનિલભાઈ કે. મેકવાન | ૩૦/૯ | રોશેલ કોલિન ડેવિડ |
| ૧૦/૯ | રોજર આર. રાઠોડ | ૧૯/૯ | જીમી એસ. ડેવિડ | ૩૦/૯ | રેચલ કોલિન ડેવિડ |


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ઓગસ્ટ

- તા. ૩-૮-૨૫, ફ્રેન્ડશીપ ડે સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. પાળકે માર્ક ૨:૧-૧૦ ફ્રેન્ડશીપ ડે આધારિત વચનોનું મનન કરાવ્યું. એમ.વાય.એફ. દ્વારા સ્પેશ્યલ ગીત, ફ્રેન્ડશીપ કાર્ડ અને ચોકલેટ આપવામાં આવી. પ્રભુભોજનની મેજની સંગતના ભાગીદાર બન્યા. સન્ડેસ્કૂલના બાળકો જેઓએ પરીક્ષામાં ભાગ લીધો હતો તેમને શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા.
- તા. ૧૫-૮-૨૫, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં વિદ્યાર્થી સન્માન સમારંભના કાર્યક્રમમાં આપણી મંડળીનાં ૭ વિદ્યાર્થીઓને શિલ્ડ અને સર્ટીફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું.
- તા. ૧૭-૮-૨૫, ભજનસેવા બાદ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના ૫૨ વર્ષ પૂર્ણ થતાં ઈશ્વરપિતાનો આભાર માનતા મંડળી દ્વારા કેક કાપી ઉજવણી કરવામાં આવી. સર્વને શુભેચ્છા પાઠવવામાં આવી. ત્યારબાદ મહિલા મંડળ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- તા. ૩૧-૮-૨૫, ભજનસેવા બાદ સન્ડે સ્કૂલના બાળકોની પરીક્ષા લેવામાં આવી. સાંજે ૪:૦૦ કલાકે ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. દ્વારા ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. પ્રેયર મિટીંગ રાખવામાં આવી. સ્થાનિક એમ.વાય.એફ. પ્રમુખ કુ. એનેશા ડી. હેરી દ્વારા ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. પ્રેયર મિટીંગનું સંચાલન કરવામાં આવ્યું. રેવ. રાજુ એન. પરમારે પ્રાર્થના આધારિત મનનકરાવ્યું. ડિસ્ટ્રીક્ટમાંથી એમ.વાય.એફ.ના જુવાનોએ આ મિટીંગમાં ભાગ લીધો. વિવિધ પ્રાર્થના વિનંતીઓ માટે પ્રાર્થના કરવામાં આવી.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| ૧. | કેરોલીનબેન અનિલભાઈ ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૨. | ફેનીલ અતુલભાઈ મહિડા | ૫૦૦ |
| ૩. | લીન્યસ એસ. પેલમોર | ૫૦૦ |
| ૪. | મંદાકીનીબેન એલ. પેલમોર | ૫૦૦ |
| ૫. | ક્રિશ્ચિયન થોમસ વિક્ટરભાઈ | ૫૦૦ |
| ૬. | લલિતાબેન એસ. ખ્રિસ્તી | ૧૦૦ |
| ૭. | માર્ગરેટબેન એસ. ઈમાનુએલ | ૫૦૦ |
| ૮. | એનેશા ડી.હેરી | ૫૦૦ |
| ૯. | આર્નોન એસ. પેલમોર | ૫૦૦ |
| ૧૦. | ફ્રાન્સીસભાઈ વી. ગોહેલ | ૫૦૦ |
| ૧૧. | પ્રાર્થના આશિષ કાપડીયા | ૫૦૦ |
| ૧૨. | સીલીઆબેન એસ. મેકવાન | ૧૦૦૦ |
| ૧૩. | કેનીથભાઈ ફ્રેન્કલીન ટેલર | ૨૦૦ |
| ૧૪. | કિશોરભાઈ બી. વાઘેલા | ૫૦૦ |
| ૧૫. | લીનાબેન બોરકર | ૩૦૦ |
| ૧૬. | નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| ૧૭. | અંકુરભાઈ સોલોમન | ૨૦૦ |

## નાણાંકીય અહેવાલ જુલાઈ - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૭-૨૫ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૩૨૮૨-૦૦ |
| | બેંક | ૬૪૩૩૨૪-૫૯ |
| **તા.૩૧-૭-૨૫ સુધીની** | આવક | ૧૨૪૯૧૦-૦૦ |
| | કુલ | ૭૭૧૫૧૬-૫૯ |
| **તા.૩૧-૭-૨૫ની બંધ સિલક** | | |
| | રોકડ | ૧૩૩૦૨-૦૦ |
| | બેંક | ૬૮૫૯૪૮-૫૯ |
| **તા.૩૧-૭-૨૫ સુધીનો** | ખર્ચ | ૭૨૨૬૬-૦૦ |
| | કુલ | ૭૭૧૫૧૬-૫૯ |

**માનદ્ શ્રી નિલેષ એસ. ક્રિશ્ચિયન,** ટ્રેઝરર

## મહિલામંડળ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ

'અને દેવે કહ્યું કે, પૃથ્વી પર ઘાસ તથા બીજદાયક શાક તથા ફળવૃક્ષ પોતપોતાની જાત પ્રમાણે ફળદાયક, જેનાં બીજ પોતામાં છે, તેઓને પૃથ્વી ઉગાવે; અને એમ થયું.' ઉત્પત્તિ ૧:૧૧

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં સર્વને પ્રેમી સલામ. વૃક્ષારોપણના કાર્યક્રમમાં સર્વના સાથ-સહકાર માટે અંતરથી આભાર માનું છું.

તા. ૧૭-૮-૨૦૨૫ના રવિવારે વૃક્ષારોપણના કાર્યક્રમમાં મંડળીના વ્હાલાઓએ જે દાન આપ્યા તેમાંથી નવા કૂંડા, ખાતર, માટી લાવી શક્યા માટે સર્વનો આભાર માનું છું.

| ક્રમ | દાતાનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રીમતી સ્મિતલતાબેન ક્રિશ્ચિયન | ૧૦૦ |
| ૨. | શ્રીમતી યાચનાબેન ક્રિશ્ચિયન | ૧૦૦ |
| ૩. | શ્રીમતી કમળાબેન સોલંકી | ૧૦૦ |
| ૪. | શ્રીમતી મોનિકાબેન પેટ્રિક | ૧૦૦ |
| ૫. | શ્રીમતી મંદાકીનીબેન પેલમોર | ૨૦૦ |
| ૬. | શ્રીમતી લીનાબેન માસ્ટર | ૨૦૦ |
| ૭. | શ્રીમતી સારાબેન ટેલર | ૧૦૦ |
| ૮. | શ્રીમતી અરૂણાબેન ગામડિયા | ૧૦૦ |
| ૯. | શ્રીમતી કલ્પનાબેન ક્રિસ્ટી | ૨૦૦ |
| ૧૦. | શ્રીમતી શ્વેતલબેન ગામડિયા | ૨૦૦ |
| ૧૧. | શ્રીમતી રિન્કીનાબેન ઈમાનુએલ | ૧૦૦ |
| ૧૨. | શ્રીમતી મોનિકાબેન ડેવિડ | ૧૦૦ |
| ૧૩. | શ્રીમતી પ્રતિભાબેન મહિડા | ૨૦૦ |
| ૧૪. | શ્રીમતી રીનાબેન દાસ | ૨૦૦ |
| ૧૫. | શ્રીમતી પ્રીમાબેન માસ્ટર | ૧૦૦ |
| ૧૬. | શ્રીમતી ડોરિનબેન ક્રિશ્ચિયન | ૨૦૦ |
| ૧૭. | શ્રી આલાપભાઈ માસ્ટર | ૫૦૦ |
| ૧૮. | શ્રી સુનિલભાઈ ક્રિશ્ચિયન | ૫૦૦ |
| | **કુલ આવક** | **૩૩૦૦** |

| | | |
|---|---|---|
| ખર્ચ | ૨૬૫૦ | કૂંડા-૭ નંગ, ખાતર - ૨ થેલી (૬૦ કિલો), માટી - ૩ થેલી (૯૦ કિલો) |
| | ૫૦૦ | નર્સરીથી ચર્ચ સુધીનું રીક્ષાભાડું |
| | **૩૧૫૦** | |

| | |
|---|---|
| ૩૩૦૦ | ડોનેશન |
| ૩૧૫૦ | ખર્ચ |
| ૦૧૫૦ | છોડ લાવવા વાપરવામાં આવશે. |

પાળક સાહેબ રેવ. રાજુ એન. પરમાર, શ્રીમતી અલ્પાબેન, શ્રી આલાપભાઈ માસ્ટર (કોન્ફરન્સ લે-લીડર જીઆરસી)ની હાજરીમાં મહિલામંડળની સર્વ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વૃક્ષારોપણ કર્યું હતું.

શ્રી કેનીભાઈ છોડ લાવ્યા તેમનો આભાર માનું છું. પગી સુલેમાનભાઈ તથા મંજુબેને ખૂબ જ મદદ કરી માટે તેમનો પણ આભાર માનું છું.

મહિલા મંડળ પ્રમુખ, **શ્રીમતી મંદાકીનીબેન પેલમોર**

## મરણ નોંધ

તા. ૨૮-૮-૨૫ના રોજ મનોજભાઈ સી. ચૌહાણ ૭૫ વર્ષનું આશીર્વાદિત જીવન પૂર્ણ કરી પ્રભુના સદાકાળના વિસામામાં પ્રવેશ્યા છે. તેમના દુઃખિત પરિવારને આપની પ્રાર્થનાઓમાં ધરી રાખશો.